UNIVERSITY OF CAMBRIDGE LOCAL EXAMINATIONS SYNDICATE
in collaboration with
MINISTRY OF EDUCATION, SINGAPORE
General Certificate of Education Ordinary Level

**GUJARATI** **3199/02**

Paper 2 Language Usage and Comprehension

October/November 2004

**1 hour 30 minutes**

Additional Materials: Answer Booklet/Paper

**READ THESE INSTRUCTIONS FIRST**

If you have been given an Answer Booklet, follow the instructions on the front cover of the Booklet.
Write your Centre number, index number and name on all the work you hand in.
Write in dark blue or black pen on both sides of the paper.
Do not use staples, paper clips, highlighters, glue or correction fluid.

Answer **all** questions.
The number of marks is given in brackets [ ] at the end of each question or part question.
At the end of the examination, fasten all your work securely together.

This document consists of **10** printed pages and **2** blank pages.


© UCLES 2004
UNIVERSITY of CAMBRIDGE International Examinations

## Section A

**A1** **Separation/Combination of Words** [10 marks]

નીચે આપેલા શબ્દોની સંધિ કરો

1 જગત + નાથ

2 નર + ઇશ

3 સુ + આગત

4 દેવ + ઇન્દ્ર

5 પ્રતિ + ઉત્તર

© UCLES 2004

**A2** **Idioms, Proverbs and Words in Pairs** [10 marks]
રૂઢિપ્રયોગ, કહેવત, જોડશબ્દ

નીચે આપેલાં વાક્યોમાં ખાલી જગા ભરવા માટે વાક્યોની નીચે રૂઢિપ્રયોગ, કહેવત, જોડશબ્દ આપ્યાં છે તેમાંથી યોગ્ય રૂઢિપ્રયોગ, કહેવત, જોડશબ્દ શોધી તેનો ઉત્તર ઉત્તરપત્રિકા (Answer Sheet)માં લખો.

**6** મનીષના મિત્રને એની પાસેથી કામ લેવું હતું એટલે એ _______________ હતો.

**7** વિજ્ઞાન વિશે મોટી ચર્ચા થવાથી રાકેશના _______________ ગયું.

**8** કીર્તિ બધું કામ કરવાનું કહે છે પણ એનું બોલવાનું _______________ જેવું છે.

**9** માબાપની હોશિયારી મીનામાં આવી લાગે છે તે _______________ એના જેવું છે.

**10** મહેશ મહેમાનોની ____________________માંથી જ ઊંચો નથી આવતો.

| | |
|---|---|
| **(1)** ગરજ્યા મેઘ વરસે નહીં | **(2)** આગતા–સ્વાગતા |
| **(3)** વાતોનાં વડાં કરવાં | **(4)** કૂવામાં હોય તો હવાડામાં આવે |
| **(5)** મીઠી–મીઠી વાતો કરવી | **(6)** ગરજે ગધેડાને બાપ કહેવો |
| **(7)** માથું ખાવું | **(8)** ભેજાનું દહીં થવું |
| **(9)** એક હાથે તાળી ન પડે | **(10)** ઝાડપાન |

**A3 Sentence Transformation** [10 marks]

વાક્ય રૂપાંતર

દરેક સંપૂર્ણ વાક્યની નીચે અધૂરાં વાક્યો આપ્યાં છે. તે વાક્યોને યોગ્ય શબ્દની મદદથી એવી રીતે પૂરાં કરો જેથી તેની ઉપર આપેલાં વાક્યોનો અર્થ ન બદલાય. ઉત્તરપત્રિકા (Answer Sheet)માં માત્ર ઉત્તર લખો :

**11** ખૂબ ઘોંઘાટને લીધે તે સારી રીતે વાંચી શક્યો નહીં.

ખૂબ ઘોંઘાટને લીધે તેનાથી ______________________________.

**12** હાથીને જોઇને સિંહ ગભરાયો અને ભાગી ગયો.

સિંહે ________________________________________.

**13** નમ્રતાથી કામ કરીએ તો સૌ કોઇ આપણને માન આપે.

લોકોનું માન મેળવવું હોય તો ________________________.

**14** પૌષ્ટિક ખોરાક ખાવાથી તંદુરસ્તી સારી રહે.

તંદુરસ્તી સારી રાખવા માટે સૌએ ______________________.

**15** કમ્પ્યુટર પર બહુ કામ કરવાથી તેની આંખો ખેંચાતી હતી.

તેની આંખો ખેંચાતી હતી ____________________________.

© UCLES 2004

**A4** **Cloze Passage** [20 marks]
કલોઝ પેસેજ

નીચેના ફકરામાં આપેલી ખાલી જગા ભરવા માટે ખૂટતા શબ્દો ફકરાની નીચે આપ્યા છે. દરેક ખાલી જગા ભરવા માટે યોગ્ય શબ્દ શોધી તેનો ઉત્તર ઉત્તરપત્રિકા (Answer Sheet)માં લખો.

લોકો ઘણી વખત કોઇ મોટું કામ હાથમાં _____**16**_____ પસંદ નથી કરતા કારણ કે એમને તેમાં ભય અને _____**17**_____દેખાય છે. ભયનો આભાસ દૂરથી ડરામણો દેખાય છે પણ તેની નજીક જતાં તે એટલો _____**18**_____ નથી લાગતો. ક્યારેક એ કામ હાથમાં લેતાં તે આનંદપ્રેરક બને છે અને વ્યક્તિમાં _____**19**_____ અને કામ કરવાની ધગસ ઉત્પન્ન કરે છે. રોજિંદું સામાન્ય જીવન ક્યારેક કંટાળાજનક બનતું હોય છે અને આપણે એમ પણ માની લઇએ છીએ કે રોજની _____**20**_____ આપમેળે ઘટતી રહેશે અને એમાં આપણને આનંદનો જરા પણ ભાવ નથી દેખાતો. આવી જ ભાવના ઘરની _____**21**_____ માટે પણ ઊભી થતી હોય છે પણ પ્રસંગવશાત થોડા ઘણા સમય માટે જો આપણે માની લીધેલી ઘટનાઓ ન બને અને ચીજ-વસ્તુઓનો અભાવ વર્તાય ત્યારે એ જ ઘટના, ચીજ-વસ્તુનું કેટલું ઊંચું _____**22**_____ કરીએ છીએ! ઘણાં લોકો પર્વત _____**23**_____ આનંદ માટે જીવના અને શરીરના અવયવોના જોખમે ઊંચા પર્વતો ચઢે છે અને એવું કઠીન ચઢાણ પૂરું કર્યા પછી જે ઉલ્લાસ અને સંતોષ એમના ચહેરા પર દેખાય છે તે _____**24**_____ હોય છે. અને આવે પ્રસંગે તેમની ચારેકોર તોળાતા ભયને કારણે તેમની સૂઝ અને _____**25**_____ ખૂબ તીવ્ર બને છે અને તેમનો આનંદ ઘણો ઊંડો હોય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| **(1)** | ઉત્સાહ | **(6)** | ચઢાણના | **(11)** | અનેરો |
| **(2)** | આભાસ | **(7)** | ઘટના | **(12)** | જોખમ |
| **(3)** | મૂલ્યાંકન | **(8)** | સમજશકિત | **(13)** | આનંદનો |
| **(4)** | બિહામણો | **(9)** | લેવાનું | **(14)** | અવયવોના |
| **(5)** | ધગસ | **(10)** | પ્રસંગવશાત | **(15)** | ચીજ-વસ્તુઓ |

© UCLES 2004

## Section B

### વિભાગ ખ

નીચે આપેલું લખાણ ધ્યાનથી વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.

ભારતદેશ વિસ્તારમાં મોટો હોવાથી નહીં પણ જુદા જુદા ભાગોમાં જુદી જુદી ભાષા બોલાતી હોવાથી તેના ભાષાવાર વિભાગ પાડવામાં આવેલા છે. આ વિભાગોને પ્રાંત કહેવાય છે. ગુજરાત સાથે જોડાયેલો "મધ્યપ્રદેશ" ભારતનો સૌથી મોટો પ્રાંત છે. તેની ચારે બાજુ બીજા પ્રાંતો આવેલા છે. સમુદ્ર એનાથી ઘણો દૂર છે. આ પ્રાંતના એક મોટા વિસ્તારનાં કેટલાંક નાનાં ગામોએ ભેગાં થઇ એક સજ્જન વ્યકિતના માર્ગદર્શન હેઠળ અને તેમના મિત્રોની સહાયથી ઘણી બાબતોમાં ખૂબ પ્રગતિ કરી છે.

આ ગામોનાં ઘરો રસ્તાની બંને બાજુ પર બાંધવાને બદલે દરેક કુટુંબને ઘર સાથે પોતાની થોડી જમીન આપી અને કોઇકને તેમનાં જાનવર રાખવા માટે નાનું કોઠિયું પણ આપ્યું. આમ થવાથી દરેક કુટુંબ તેમના ઘરની આસપાસની જગા સ્વચ્છ રાખતું થયું અને તેમણે જમીનમાં શાકભાજી કે ધાન પણ ઉગાડવાનું શરૂ કર્યું. ગામમાં કયાંય ગંદકી દેખાતી નથી.

ચોમાસા અને શિયાળાના દિવસો સિવાય આ ગામોને પાણીની ઘણી તકલીફ પડતી. કયારેક ચોમાસામાં પણ વરસાદ પૂરતો ન પડવાથી ખેતરોમાં કે ઘરની આસપાસ કાંઇ ઊગાડી શકાતું ન હતું. પેલી સજ્જન વ્યકિતની સલાહથી લોકોએ ભેગા થઇ તે વિસ્તારની ઊંચામાં ઊંચી જગા પર જમીનની સિંચાઇ માટે પાણીની મોટી ટાંકી બાંધી. ખેતરોમાં પાણી પહોંચાડવા માટે નહેરો ખોદી. ભવિષ્યમાં પાણીની તંગી ન પડે તેનો વિચાર કરી ચોમાસાનું પાણી વહી ન જાય તે માટે ઠેક–ઠેકાણે માટીના બંધ બાંધ્યા. સાથે સાથે જમીનમાંથી પાણી ખેંચવા માટે ટયુબવેલ પણ ખોદયા. આથી મધ્યપ્રદેશનાં આ ગામો અનાજ અને ઘાસચારાની બાબતમાં લગભગ સ્વાવલંબી થઇ ગયાં છે. પાણીની આવી યોજનાને કારણે લોકોને તેમના પોતાના ઉપયોગ માટે પણ પાણીની તંગી નથી પડતી.

આમ થવાથી લોકોમાં એક જાતનો વિશ્વાસ આવ્યો અને તેઓ બીજી પ્રવૃત્તિઓમાં જોડાયા. યુવાન યુવતીઓ વીજળીનાં યંત્રો  સમા કરતાં શીખ્યાં, સ્રીઓ ટયુબવેલના પંપ સમા કરવાનું તેમ જ સુતર કાંતવાનું અને વણવાનું શીખી. આ બધું જોવા બહારના ઘણા લોકો ત્યાં આવવા માંડયા. સૌથી અગત્યની બાબત તો એ છે કે આ ગામોમાં તૈયાર થયેલા મસાલા, તેલ, કુદરતી સાબુ વગેરે જે બનાવાય છે તે ઘણી ઊંચી કક્ષાનાં હોય છે અને તે ઓછી કીમતે વેચાય છે. મોટી કંપનીઓની વધારે મોંઘી અને દેખાવમાં સારી હોય એવી ચીજો કરતાં આ વસ્તુઓની માંગ આજુબાજુનાં મોટાં શહેરોમાં ખૂબ વધી ગઇ છે. ધીરે ધીરે આ ગામો શિક્ષણ, સ્વાસ્થ્ય, ચોખખાઇ જેવાં ક્ષેત્રોમાં પણ આગળ વધી રહ્યાં છે.

© UCLES 2004

**B5** **MCQ Comprehension** [14 marks]
વિકલ્પવાળા બોધપ્રશ્નો

લખાણને આધારે નીચે સાત પ્રશ્નો આપ્યા છે અને તે દરેક પ્રશ્ન માટે ચાર–ચાર વિકલ્પો આપ્યા છે તેમાંથી યોગ્ય વિકલ્પ શોધી તે નંબર ઉત્તરપત્રિકા (Answer Sheet)માં લખો.

**26** ભારતના વિભાગો કઇ રીતે જુદા પડે છે?

**(1)** તેમના વિસ્તારથી

**(2)** તેમાં બોલાતી ભાષાથી

**(3)** તેમને પ્રાંત તરીકે ઓળખાવવાથી

**(4)** બધા પ્રાંતોને દરિયા કિનારો હોતો નથી તેનાથી

**27** એક પ્રાંતનું નામ "મધ્યપ્રદેશ" પડયું કારણ કે

**(1)** તે સૌથી મોટો પ્રાંત છે

**(2)** તેની સરહદ ગુજરાતને અડીને છે

**(3)** તે દરિયાથી દૂર નથી

**(4)** તેની ચારે બાજુ બીજા પ્રાંતો આવેલા છે.

**28** ગામમાં ક્યાંય ગંદકી દેખાતી નથી કારણ કે

**(1)** બધાં ઘરો એક હારમાં બાંધેલાં છે

**(2)** બધાં ઘરો રસ્તાની બંને બાજુ બાંધેલાં છે

**(3)** બધાં ઘરોની ફરતે તેમની પોતાની જમીન છે

**(4)** ઘણાં ઘરો પાસે જાનવરો માટે જગા છે

29 પાણીની ટાંકી ઊંચામાં ઊંચી જગાએ શા માટે બાંધી?

(1) ખેતરોની સિંચાઇ માટે

(2) પાણી સુકાઇ ન જાય તે માટે

(3) વરસાદનું પાણી ભેગું કરવા માટે

(4) પાણીનો કોઇ બગાડ ન કરે તે માટે

30 ભવિષ્યમાં પાણીની તંગી ન પડે તે માટે

(1) ઊંચી જગાએ પાણીની ટાંકી બાંધી

(2) નહેરો ખોદી

(3) ચોમાસાનું પાણી ભેગું કરવા બંધ બાંધ્યા

(4) વરસાદના પાણી માટે ટ્યુબવેલ ખોદ્યા

31 લોકોને પોતામાં વિશ્વાસ કેમ આવ્યો?

(1) માટીના બંધ બાંધ્યા તેથી

(2) અનાજ અને ઘાસચારો પૂરતો મળવો શરૂ થયો તેથી

(3) પેલી સજ્જન વ્યકિત પોતે ખૂબ કામ કરે છે તેથી

(4) બહારના લોકો જોવા આવે છે તેથી

32 આ ગામોમાં બનાવાયેલી વસ્તુઓની માંગ વધી કારણ કે

(1) તે સસ્તી અને વધુ સારી છે

(2) તે આ ગામોના લોકો બનાવે છે

(3) મોટી કંપનીઓ તે ખરીદે છે

(4) શહેરના લોકોને મોટી કંપનીની વસ્તુઓ ગમતી નથી

## Section C

### વિભાગ ગ

નીચે આપેલું લખાણ ધ્યાનથી વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર પૂરાં વાક્યોમાં શક્ય હોય ત્યાં સુધી તમારા પોતાના શબ્દોમાં આપો.

દુનિયાના ઘણા દેશોમાં વાઘ, સિંહ, હાથી, ગેંડા વગેરે જેવાં જંગલી પ્રાણીઓની વસ્તી ઓછી થતી જાય છે અને તે માટે સૌથી વધારે જવાબદાર છે માનવી. મનુષ્ય તેના શિકારના શોખને માટે, જંગલી પ્રાણીઓના શરીરેના વિભાગોનો તેમની માન્યતાને કારણે દવા તરીકેના ઉપયોગ માટે અને આકર્ષક વસ્તુઓ બનાવવા માટે તેમની કતલ હજી પણ કરે છે.

જૂના જમાનામાં સ્નૂકર અને બીલીઅર્ડના બોલ બનાવવા માટે ૨૦,૦૦૦થી વધારે હાથીઓની તેમના દાંત માટે કતલ થઇ હતી કારણ કે તે સમય દરમિયાન રસાયણ વાપરીને બોલ બનાવવાની આવડત હતી નહીં. બીજું મોટું કારણ એ છે કે અનાજ અને ઘાસચારા માટે જમીનની જરૂરિયાત અને લાકડાની જરૂરિયાત માટે જંગલોનો નાશ થતો જાય છે. આને કારણે જંગલી જાનવરો માટે હરવાફરવાની જગા ખૂબ ઓછી થતી જાય છે. આની અસર ગોરીલા અને ઉરાંગ ઉટાંગ પર સૌથી વધુ પડી છે અને તેમની સંખ્યા ખૂબ ઓછી થઇ ગઇ છે.

વાઘ, સિંહ કે વરૂ જેવાં પ્રાણીઓને કયારેક મારવાં પડે છે. આ પ્રાણીઓ ઘરડાં થવાને કારણે, શરીરમાં કોઇ ખોડ કે ઇજા થવાને કારણે કે કોઇ પ્રકારની માંદગીને કારણે માનવ ભક્ષી બની જાય છે. વાઘ, સિંહ જેવાં જંગલી પ્રાણીઓ સ્રી, પુરુષ કે બાળકનો સહેલાઇથી શિકાર કરી શકે છે.

ભારતના કુમાઉન વિસ્તારમાં ૧૯મી સદીની શરૂઆતમાં કેટલાક વાઘ માણસ ભક્ષી બન્યા હતા તેને મારવા જીમ કોર્બેટને કહેવામાં આવ્યું કારણ કે તેઓ એક નિષ્ણાત શિકારી હતા. તેમણે સરકારને બે વસ્તુ કરવાની કહી. એક તો આ વાઘોને મારવા માટે જે ઇનામ જાહેર કર્યું હતું તે રદ કરવાનું કહ્યું કારણ કે ઇનામના લોભે ઘણા શિકારીઓ કુમાઉન વિસ્તારમાં ગમે તેમ શિકાર કરતા હતા. બીજી શરત કુમાઉન વિસ્તારમાંથી બીજા બધા શિકારીઓને દૂર કરવાની કારણ કે તેમની બીનઆવડતને લીધે કે ખોટા આવેગને કારણે તેઓ ગમે તેમ ગોળીઓ છોડતા હતા. આને કારણે કોઇને પણ ગોળી વાગવાનો ભય રહેતો હતો.

ભારત સરકારે છેલ્લાં પચીસ ત્રીસ વર્ષથી વાઘ, સિંહ વગેરે જેવાં પ્રાણીઓનો શિકાર કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. પ્રાણીઓને રક્ષણ આપવા બીજી આવડત વગરના શિકારીઓને બીજાં ઉપયોગી કામ કરવાની તાલીમ આપવા તાલીમ કેન્દ્રો ઊભાં કર્યાં અને ગામડાંના લોકો જે વાઘને મારવા માટે ઝેરી માંસ મૂકતા હતા તેમને તેમનાં દૂધ આપતાં પ્રાણીઓ માટે વળતર આપવાનું શરૂ કર્યું. આને કારણે જંગલી પ્રાણીઓની સંખ્યા ખાસ કરીને વાઘની સંખ્યા ઘણી વધી છે. આ માટે સૌથી વધુ યશ ભારતનાં પ્રથમ સ્રી પ્રધાન મંત્રી ઇંદિરા ગાંધીને જાય છે. તેમણે વિશ્વ જંગલી પ્રાણી સંસ્થાની સલાહ અને સહકારથી આ કામ શરૂ કરાવ્યું હતું.

© UCLES 2004

**C6** **OE Comprehension** [36 marks]
મુક્ત બોધ પ્રશ્નો

**33** જંગલી પ્રાણીઓની વસ્તી ઓછી થવા માટે કોણ જવાબદાર ગણાય અને તે કેવી રીતે?

**34** ૨૦,૦૦૦ હાથીની કતલ ક્યારે અને શા માટે થઇ હતી?

**35** ગોરીલા અને ઉરાંગ ઉટાંગની સંખ્યા કેમ ઓછી થતી જાય છે?

**36** વાઘ, સિંહ, વરૂ જેવાં પ્રાણીઓ માનવ ભક્ષી શા માટે બને છે?

**37** જીમ કોર્બેટે કઇ બે શરતો મૂકી અને શા માટે?

**38** ભારતમાં જંગલી પ્રાણીઓની સંખ્યા કેમ વધી અને તેનો યશ કોને આપી શકાય અને તે શા માટે?

**C7** **Vocabulary** [10 marks]
શબ્દો

નીચે આપેલા શબ્દો લખાણમાં લીટી દોરીને બતાવાયા છે. આ શબ્દોના અર્થ લખો.

**39** જવાબદાર

**40** કતલ

**41** ખોડ

**42** નિષ્ણાત

**43** આવેગ

End of Paper

© UCLES 2004

**BLANK PAGE**

**BLANK PAGE**

Every reasonable effort has been made to trace all copyright holders where the publishers (i.e UCLES) are aware that third-party material has been reproduced. The publishers would be pleased to hear from anyone whose rights we have unwittingly infringed.

University of Cambridge International Examinations is part of the University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.